Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી | :સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)

# જયકચ્છ

OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિદ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

૯૦ વર્ષ

૦ સજીવખેતી ૦ ગૌમહાત્મય ૦ પર્યાવરણ ૦ ગ્રામોત્થાન ૦ સ્વાવલંબન ૦ આરોગ્ય

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

★ વર્ષ ૯૦ ★ સંવત. ૨૦૭૮ ★ માગસર વદ ૫ ★ તા. ૧/૧/૨૦૨૪, ★ અંક ૫ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૬/૧/૨૦૨૪ ★ RNI No. 1886/57

## રિફાઈન્ડ તેલ ખતરનાક છે : તમારા બાળકો અને પરિવારને તેના ઝેરથી બચાવો

આપ સૌ જાણતા હશો કે અત્યારે આપણા સમાજમાં દરેક ઘરમાં બાળકોથી લઈને વૃદ્ધ લોકોને જીવલેણ રોગો થવા લાગ્યા છે (જેમકે કેન્સર, હ્રદય રોગ, પેરાલીસીસ, ડાયાબિટીસ વગેરે) તેના મુખ્ય કારણો ખોરાકમાં થતી ભેળસેળ અને કેમિકલ છે.

જો આ બાબતમાં ઊંડા ઉતરશો તો ખ્યાલ આવશે કે ઘી, તેલ, અને દૂધમાં થતી બનાવટ (ભેળસેળ) એ મોટા ભાગના ઘાતક રોગોમાં મુખ્ય ભાગ ભજવે છે. તેનાથી માસુમ બાળકો પણ જીવન ગુમાવી રહ્યા છે. (કારણ કે આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાન બંનેની દ્રષ્ટિએ આ ખોરાક જ મુખ્યત્વે પ્રાણ શકિત દાતા અને જીવન ટકાવી રાખનાર છે.)

આમાંથી આપણે તેલની વાત કરીએ તો અત્યારે બજારમાં મળતા મોટાભાગના તેલ રિફાઈન્ડ અથવા ફિલ્ટર્ડ હોય છે. ( દેશી ઘાણીના હોતા નથી.) રિફાઈન્ડ તેલ કેટલું ઘાતક છે તે જાણવા માટે તેલને રિફાઈન્ડ કરવાની પ્રક્રિયા અને અસર જાણવી જોઈએ. આ માહિતી ડૉ.આર.એન.વર્મા નામના વૈજ્ઞાનિકે રજુ કરી છે. (તે ભાભા પરમાૂણું અનુસંધાન કેન્દ્ર મુંબઈના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક છે, જેમણે ડૉ. અબ્દુલ કલામ દ્વારા બનાવાયેલ પરમાણુ બોમ્બ વખતે કામ કર્યુ હતુ.)

### રિફાઈનિગ વખતે થતી પ્રક્રિયા અને તેની અસરો

૧) તેલમાં ગેસોલીન હેકઝેન ભળ વાથી જરૂરી ફેટી એસિડ, ખનીજ તત્વો, વિટામિન ઈ, જમી, Beta Carotine અને Chlorophyl નીકળી જાય છે.

૨) તેલ 300 F ગરમ થવાથી બચેલા જરૂરી ફેટી એસિડ ખરાબ થઈ જાય છે. ઉપરાંત તેમા Free radicals Transfats બને છે. તેનાથી હ્રદય અને મગજની રકતવાહિનીઓમા blockage બને છે અને કેન્સર થઈ શકે છે.

૩) Bleaching v તેનાથી Beta carotine અને Chlorophyl નીકળી જવાથી કોલેસ્ટ્રોલ વધે છે.

૪) Devgumming v તેનાથી Phospholipids નીકળી જવાથી તેલ પાતળું થઈ જાય છે.

૫) Devodorisingv આ પ્રક્રિયામાં તેલ 464 F પર ગરમ થવાથી કેટલાક ઉપયોગી તત્વો ઝેરી બની જાય છે.

૬) Shelf life વધારવા માટે preservative તરીકે synthetic AntivOxidants નાખવામાં આવે છે.

એટલે ઘાણીનું તેલ જે શરીર ને રોગો થી બચાવી શકે છે તે શુદ્ધ સ્વરૂપમાં કેવું હોય તે જાણવી જરૂરી છે. આપને એ જાણકારી આપવાની છે કે ઘાણીના નામે જે તેલ સમાજમાં વેચાય છે તે આધુનિક ઘાણીનું હોય છે જેમા Heating Filtration જેવી પ્રક્રિયાથી અનેક ઉપયોગી તત્વો નીકળી જાય છે. એટલે વર્ષો પહેલા ગામડામાં જે દેશી ઘાણી (જથ્થી–ઘાની) જોવા મળતી તેનું તેલ જ યોગ્ય ગુણવત્તાવાળું હોય છે. (કારણ કે તેમા તેલીબીયાને ગરમ કર્યા વગર ધીમે ધીમે કુદરતી સ્વરૂપમાં જ તેમાંથી તેલ કાઢી શુદ્ધ સ્વરૂપમાં ડબ્બામાં ભરી લેવાય છે.)

કાચી (દેશી) ઘાણીનું આવું તેલ જ ખાવા યોગ્ય છે. કારણ કે તે આરોગ્યની દ્રષ્ટિએ સર્વોત્તમ,પોષક અને રક્ષક છે. ( હ્રદયરોગ, પેરાલીસીસ અને સાંધા ના ઘસારાથી બચાવનાર ઓમેગા ફેટી એસિડ 66 તેમા ભરપૂર માત્રામાં હોવાથી ૧૦૦ વર્ષ નિરોગી રાખે છે.) અત્યારે ઘણા સ્થળોએ કાચી ઘાણીનું શુદ્ધ તેલ તૈયાર કરવામાં આવે છે તેનો ઉપયોગ કરી તમે તમારા બાળકો અને પરિવારને આવનારા રોગોથી બચાવી શકો છો. '

## ૫૦ વર્ષમાં ઘઉં–ચોખામાંથી પોષક તત્વોની માત્ર ઘટી

વિશ્વના જુદા–જુદા ભાગોમાં રહેતા લોકો ઘઉં અને ચોખામાંથી બનાવેલા ઉત્પાદનોનો ખોરાકમાં સૌથી વધારે ઉપયોગ કરે છે. તેનું સૌથી મોટું કારણ તેમાં રહેલા પૌષ્ટિક તત્વો છે. એક નવા સંશોધન અહેવાલમાં બહાર આવ્યું છે કે, છેલ્લા ૫૦ વર્ષમાં ભારતમાં ઉગાડવામાં આવતા ઘઉં અને ચોખાના પોષક મૂલ્યમાં મોટો ઘટાડો થયો છે. ભારતીય કૃષિ સંશોધન પરિષદ (આઈસીએઆર) અને બિધાન ચંદ્ર કૃષિ વિશ્વ વિદ્યાલયના માર્ગદર્શન હેઠળ અનેક સંસ્થાઓના સંશોધન દ્વારા આ વિશે માહિતી મળી છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે ચોખા અને ઘઉંમાં ઝિંક અને આર્યનની કમી છે.

આ બંને તત્વોની ઉણપ થાય તો તેના માટે ઝિંક અને આર્યનની ગોળીઓ લેવી પડી શકે છે. આ સંશોધન મે મહિનામાં પ્રકાશિત થયું છે. આ સંશોધન વર્ષ ૨૦૧૮–૨૦ દરમિયાન બે વર્ષ માટે કરવામાં આવ્યું હતું.

ચોખા માટે ૧૯૬૦થી ૨૦૦૦ સુધીના દાયકામાં નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ઘઉં માટે વર્ષ ૨૦૧૦ સુધીના નમૂના લેવામાં આવ્યા હતા. સંશોધન બાદ પરિણામો દર્શાવે છે કે ઘઉં અને ચોખામાં ઝિંક અને આર્યનની માત્રામાં મોટો ઘટાડો થયો છે. ૧૯૬૦ના દાયકામાં, એક કિલો ચોખા પર ૨૭.૧ મીલીગ્રામ ઝિંક અને ૫૯.૮ મીલીગ્રામ આર્યન મળી આવ્યા હતા. ૨૦૦૦ના દાયકામાં, આ બને અનુક્રમે ૨૦.૬ મીલીગ્રામ અને ૪૩.૨ મીલીગ્રામ પર આવી ગયા છે.

૧૯૬૦ના દાયકામાં, પ્રતિ કિલો ઘઉંમાં ૩૩.૩ મીલીગ્રામ ઝિંક અને ૫૭.૬ મીલીગ્રામ આર્યન મળી આવ્યા હતા. પરંતુ, ૨૦૧૦માં તે ક્રમશ ૨૩.૫ મીલીગ્રામ અને ૪૬.૪ મીલીગ્રામ પર આવી ગયું છે. સંશોધન દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે, ૧૯૦૦ના દાયકાના અંતમાં જસત અને આર્યનને જમીનમાં ઉમેરવાથી ઘઉં અને ચોખાને કોઈ અસર થઇ નથી.

આર્યન એ મનુષ્ય માટે એક મહત્વનું તત્વ છે. આર્યન એ હિમોગ્લોબીનનો મહત્વનો ભાગ છે, જે શરીરના જુદા–જુદા ભાગોમાં ઓક્સિજન વહન કરવામાં મદદ કરે છે. આર્યનની ઉણપને કારણે લોકોને થાક, શ્વાસની તકલીફ, પલ્સ રેટ, માથાનો દુખાવો જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. શરીરમાં હોર્મોન્સના નિર્માણ માં પણ આર્યનની જરૂર હોય છે.

ઝીંકના પણ ઘણા ફાયદા છે.ઝિંક સમૃદ્ધ ખોરાક પણ રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં અસરકારક સાબિત થઈ શકે છે. સ્ટ્રોંગ ઈમ્યુન સિસ્ટમ શરીરને ચેપ સામે લડવામાં મદદ કરે છે. પુરુષોને લગભગ લગભગ ૧૧ મીલીગ્રામ અને સ્ત્રીઓને દરરોજ ૮ મીલીગ્રામ ઝીંકની જરૂર હોય છે.

શરીરમાં ઝિંક અને આર્યન જેવા પોષક તત્વોની ઉણપને પહોંચી વળવા માટે સારો ખોરાક લેવાની તબીબો સલાહ તો આપે છે, પણ ચોખા અને રોટલી હવે પહેલાની જેમ પોષક નથી. ગાય આધારિત ખેતી જ તેનો ઉપાય છે.

**શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, કુકમા આયોજિત**

## ગાય આધારીત પ્રાકૃતિક ખેતીની 98મી તાલીમ,પ્રશિક્ષણ

**(તાલીમ, નિવાસ, ભોજન વ્યવસ્થા ટ્રસ્ટ સંકુલમાં જ છે.)**

**તા 11-12-13 જાન્યુઆરી 2024**

શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ, ગામઃ કુકમા, તા. ભુજ, કચ્છ દ્વારા આયોજીત અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કુકમા, ભારત સરકારના જ્ઞાન સહયોગથી આગામી તારીખ તા. 11 થી ગાય આધારિત સજીવ ખેતીની ત્રિ દિવસીય નિવાસી તાલીમ યોજાશે. જેમાં, ગાય આધારિત સજીવ ખેતીનું અને સંલગ્ન મહત્વનાં વિષયોનું માર્ગદર્શન મેળવી શકશો. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી આપનું નામ તુરંત જ નોંધાવો...

તારીખ 11 ના રોજ સવારે 10 વાગ્યા થી શરૂ થશે

જો દુર થી આવતા હોવ તો અગાઉ થી પણ આવી શકો છો

**શિબિરનું સ્થાન. :**

શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ, (ચિંતન સાધના સ્થળ), ભુજ અંજાર હાઈવે, આહીર સમાજ વાડી સામે, ગામઃ કુકમા, તા. ભુજ, કચ્છ. (અંજાર અને ભુજ ની વચ્ચે)

મોબાઈલ નં. 9426582810, 9925174699, 9825478934

આપેલા નંબર પર આપનું રજિસ્ટ્રેશન કરાવો, જેમાં આપનું નામ, ગામ અને સંખ્યા લખીને સાદો મેસેજ કે વોટસેપ કરવો અથવા ઈમેઈલ કરશો. (આવો ત્યારે આપનું આધાર કાર્ડ તેમજ તેની ઝેરોક્ષ કોપી અવશ્ય સાથે લાવશો)

**સુવિધાઓ**

૧. પ્રકૃતિ વચ્ચે રહેવાની સામૂહિક વ્યવસ્થા, મહિલાઓ અને પુરુષો માટે અલગ અલગ સામુહિક નિશુલ્ક વ્યવસ્થા છે તેમજ કચ્છી ગોળ ભૂંગાની પેઈડ વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. ૨. પ્રાકૃતિક સાદું ભોજન ૩. સજીવ ખેતી આધારિત વિવિધ વિડીયો શો.

શ્રી રામ કૃષ્ણ ટ્રસ્ટ ના સંકુલમાં બનાવેલ એક પ્રાકૃતિક ગ્રામની રચનાના સંકુલ ની મુલાકાત જેમાં આપને જોવા મળશે ```પંચગવ્ય ઉત્પાદનો, દેશી કાંકરેજ ગાયોની ગૌશાળા, સજીવ ખેતીના પાકો, સજીવ ખેતીના વિવિધ ખાતરો અને કીટ રોધકો, લુહાર કોડ, સુથાર કોડ, ગોબર ક્રાફ્ટ, વૈદિક પ્લાસ્ટર–ગોમય લીંપણ, જમીન પાણી ની ચકાસણી ની લેબોરેટરી, તેલની ઘાણી તેમજ ઉત્પાદનોના વેચાણ માટે સ્વદેશી મોલ.

**તો આજે જ આપનું નામ નોંધાવો.**

સહ પરિવાર આવી શકો તો વિશેષ આનંદ થશે.

# શુધ્ધ દેશી કાંકરેજ ગોવંશની લે વેંચ માટે માધ્યમ બન્યું વ્હોટસએપ ગ્રુપ

રસ્તે રઝળતો મુકી દેવાતો ગોવંશ અને અમુક માલધારીઓ પણ પોતાના ધણ માં એક થી વધુ પ્રજાતી રાખતા હોય ત્યારે કચ્છનો અસલ કાંકરેજ ગોવંશ જયારે જર્સી, શંકર અને એચ.એફ જાતના પશુઓ સાથે સંસર્ગ માં આવે છે તેનાંથી ક્રોસ બ્રીડીંગ થવા જેવાં કારણોથી વર્ણશંકર અને વિકૃત પ્રજાતી ઉત્પન્ન થઈ રહી છે. આવા સમયે કોઈ ગોપ્રેમી ને શુધ્ધ દેશી ગોવંશ ની ખરીદી કરવી હોય ત્યારે છેતરાઈ જવાનો મોટો ડર રહેતો હોય છે અને સામાન્ય ફેરફાર વચ્ચે ખાત્રી કરવી પણ મુશ્કેલ બની જતી હોય છે.

આવા સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગો સેવા ગતિવિધિ– કચ્છ વિભાગ દ્વારા ૩૫૦૦ થી વધુ ગોપાલક માલધારીઓ અને પોતાનાં ઘરે કે વાડીએ ગાયને રાખતા ગોપ્રેમી લોકોને જોડીને 'કચ્છ કાંકરેજ ગો બ્યુરો' ના નામે પાંચ વ્હોટ્સએપ ગ્રુપ ચાલી રહ્યાં છે જેમાં ગોવંશ ખરીદનાર અને વેચાણ કરવા ઈચ્છનાર કોઈ પણ વ્યકિત પોતાના નામ, સરનામાં અને મો. નંબર સાથે ગો વંશની કિંમત, દુધની માત્રા, ઉંમર, વેતર અને દેખાવ જાણવા ફોટા સાથેનો મેસેજ મોકલી શકે છે.

ગોસંવર્ધન ના કાર્ય થી જોડાયેલ કચ્છના જાણીતા ગોપ્રેમી અને ગોસેવા ગતિવિધિ ના કચ્છ વિભાગ સંયોજક પરબતભાઈ ગોરસીયા જણાવે છે કે કોઈપણ વ્યક્ગિત સ્વાર્થ વગર ચાલતાં આ ગ્રુપનો વ્યાપ ન માત્ર કચ્છ પણ છેક સૌરાષ્ટ્ર સુધી હોવાથી જેવો મેસેજ મુકાય કે ખુબ ઓછા સમયમાં એ ગોવંશની લે વેંચ થઈ જાય છે.

ગ્રુપમાં મેસેજ મુકાયા પછી લેનાર અને વેચનાર વચ્ચે ભાવતાલ નક્કી કરવા બાબતે પરસ્પર સીધી વાત થતી હોવાથી દલાલ કે વચેટીયાનો પણ પશ્ન ન રહેતો હોવાથી પણ આ પધ્ધતિ ખુબ સફળ અને વિશ્વાસપાત્ર રહી છે. કચ્છની ખેતીમાં બળદનો ઉપયોગ નહીંવત થયો હોવાથી ગોપાલકો પાસે વાછરડાઓ ની સંખ્યા વધે છે ત્યારે પણ તેને સાચવવાનો મોટો પ્રશ્ન ઉભો થાય છે અને છેવટે રસ્તે રઝડતા મુકાય અથવા કતલખાને પહોંચે છે ત્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક વિસ્તારો માં ખેતી માટે હજી પણ બળદનો મોટે પાયે ઉપયોગ થતો હોવાથી ત્યાં કચ્છના કાંકરેજ વાછરડાઓ પ્રથમ પસંદગી હોય છે અને આ ગ્રુપ ના માધ્યમે અસંખ્ય વાછરડાઓ બળદ બનાવવા માટે ત્યાં સુધી મોકલાઈ ચુકયા છે.

દુધાણા અને ઉત્તમ ગોવંશ ઉત્પન્ન કરવા જાતવાન નંદી (ધણખુંટ) હોવો પણ એટલો જ જરુરી હોય છે અને કોઈ પણ નંદી એક જ જગ્યાએ ૩ વર્ષ થી વધુ સમય રહે તો સંવર્ધન વિષયે એ પણ નુકસાનકારક બને છે ત્યારે અત્યાર સુધી અનેક ગામની ગોશાળાઓ અને માલધારીઓ પણ આ ગ્રુપને માધ્યમ બનાવીને સંતોષકારક રીતે પોતાના નંદી ની અરસપરસ અદલીબદલી કરી ચુકયા છે.

નાની નાગલપર અંજાર સ્થિત ગોસેવા ગતિવિધિના સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મેઘજીભાઈ હીરાણી જણાવે છે કે ગતિવિધિ ના માધ્યમે સમગ્ર પ્રાંતમાં ગોપાલન, ગોસંવર્ધન, ગોઉર્જા, ગાય આધારિત ચિકિત્સા સહિત કુલ ૧૮ આયામો ઉપર ખુબ પ્રભાવી કામ ચાલી રહ્યું છે ત્યારે ૨૦૧૯ થી ચાલતાં આ વ્હોટસએપ ગ્રુપની યોજના ખુબ જ સફળ અને ઉપયોગી રહી હોવાથી સૌરાષ્ટ્રના ગીર ગોવંશ માટે પણ આ જ પધ્ધતિથી વ્હોટ્સએપ ગ્રુપ ચલાવવાની યોજના પ્રારંભ કરી દેવાઈ છે અને તેને પણ ખુબ સારો આવકાર મળ્યો છે.

સમગ્ર કચ્છના કોઈપણ માલધારી, ગોશાળા સંચાલકો કે એકલદોકલ ગાય રાખતા ગોપાલકો ને અમુક જરુરી નિયમના પાલન સાથે આ ગ્રુપ સાથે જોડાવું હોય તો મો.નં. ૯૪૨૮૨૩૪૩૬૫ ઉપર વ્હોટ્સએપ મેસેજ કરીને સંપર્ક કરી શકે છે એવું મુખ્ય ગ્રુપ સંચાલક રામજીભાઈ વેલાણીની યાદી માં જણાવાયું છે.

## જાન્યુઆરી માસમાં યોજાશે પ્રા.ખેતી તાલીમ શિબિર

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થળ ખાતે તા. ૧૧–૧૨–૧૩ જાન્યુઆરીના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦, ૯૯૨૫૧ ૭૪૬૯૯ નો સંપર્ક કરવો.

## ઈજન

સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....

– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ

ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)

મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,

નોંધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–

## ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર, મેવાસા, મમુઆરા વગેરે સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી ઔષધિઓનો પ્રસાર વધી રહયો છે.


જયકચ્છ

સજીવ ખેતી ઉત્પાદન, ગૌ ઉત્પાદન તેમજ ગ્રામોત્થાનને લગતી પ્રવૃતિ ધરાવનારાને પ્રચાર પ્રસાર માટે ઉત્તમ તક

| | | |
|---|---|---|
| o એક વાર પ્રસિધ્ધિઃ | રૂા. ૨૫૦/– | (૧ અંક) |
| o છ માસ સુધી પ્રસિધ્ધિઃ | રૂા. ૨૫૦૦/– | (૧૨ અંક) |
| o એક વર્ષ સુધી પ્રસિધ્ધિ : | રૂા. ૫૦૦૦/– | (૨૪ અંક) |
| o બે વર્ષ સુધી પ્રસિધ્ધિઃ | રૂા. ૧૦,૦૦૦/– | (૪૮ અંક) |

"જયકચ્છ"માં જાહેરાત આપવા માટે સંપર્ક કરો : મો. ૯૯૨૫૧ ૭૪૬૯૯

સત્વમ
નેચરલ અને ઓર્ગેનિક

o પંચગવ્ય ઉત્પાદન
o અનાજ
o સિંધવ નમક
o માટીના વાસણ
o કાચી ઘાણીનું તેલ
o બુરો (સાકર)
o દેશી ગોળ
o કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
o ગૌમૂત્ર અર્ક
o ઔષધિઓ
o મસાલા
o ઘર વપરાશની વસ્તુઓ

ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, માધાપર (ભુજ)
સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭

ખાસ નોંધ : આપના શુભ પ્રસંગો, ધાર્મિક પ્રસંગો પર સાત્વિક વસ્તુઓ જેમકે, દેશી ગોળ, દેશી ખાંડ, ઘાણીનું તેલ, દેશી ગાયનું ઘી, વગેરેમાંથી ભોજન બનાવી આપવામાં આવશે. તાંબા પીતળ તેમજ સ્ટીલના વાસણોનો જ ઉપયોગ કરવામાં આવશે. ઓર્ડર માટે સંપર્ક કરો મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭

વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા
(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય

આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા

સોમવાર થી બુધવાર સવારે ૯ થી સાંજે ૭ સુધી
સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪
ક.વિ.ઓ. જૈન મહાજન સંકુલ, હોસ્પિટલ રોડની પાછળ, ભુજ(કચ્છ)
મંગવાણા (તા. નખત્રાણા) ખાતે પણ ગુરૂવારથી રવિવાર સુધી મળી શકશે


## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૮૭૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશૂલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશૂલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

### દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

## સમાચાર સંપુટ

### સથવારોઃ અદાણી ફાઉન્ડેશન દ્વારા કારીગરો સાથે મળીને ભારતીય કળાને પુનઃજીવિત કરવાનો પ્રયાસ

અમદાવાદ સ્થિત અદાણી કોર્પોરેટ હાઉસ ખાતે અદાણી ફાઉન્ડેશન દ્વારા બે દિવસીય 'સથવારો મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતની વૈવિધ્યસભર કળા અને હસ્તકલાનું પ્રદર્શન કરવામાં આવ્યું. ઉદઘાટન આવૃત્તિના કાર્યક્રમમાં દેશભરના20 સ્વ–સહાય જૂથો (SHGs) અને કારીગરો દ્વારા બનાવેલા ઉત્પાદનોની પ્રેરણાદાયી શ્રેણી દર્શાવવામાં આવી હતી. કારીગરોને સશક્ત બનાવવા અને સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરવા આ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં કારીગરો અને ગ્રાહકો વચ્ચેના અંતરને દૂર કરતું પ્લેટફોર્મ પુરૂં પાડવામાં આવ્યું હતું. અદાણી ફાઉન્ડેશનનો ઉદ્દેશ ટકાઉ આજીવિકા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે. અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વસંત ગઢવી જણાવે છે કેરાષ્ટ્રીય સ્તરે સાંસ્કૃતિક ઓળખ જાળવવા યોગદાન આપવાની આવશ્યકતા છે.વૈશ્વકિ સ્તરે સાંસ્કૃતિક હસ્તકલાને પ્રોત્સાહન આપવાની પણ જરૂર છે જે જાગરૂકતા પેદા કરશે અને કારીગરો અને તેમની હસ્તકલાને ટેકો આપશે.પ્રાચીન હસ્તકલાના પુનરુત્થાન દ્વારાસથવારોનો ઉદ્દેશ્ય યુવા પેઢીને તેમના સાંસ્કૃતિક વારસાને આગળ ધપાવવા પ્રેરણા આપવાનો છે.

# આગામી દિવસોમાં કચ્છના તમામ તાલુકાઓમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવાનું આયોજન

પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માની કચેરી દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ખેતી વધે તથા ખેતી ખર્ચમાં ઘટાડો થાય અને ઉત્પાદનમાં વધારો થાય તથા ખેડૂતોની આવક બમણી થાય તે માટે સરકારના આયોજન દ્વારા પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથ ધરવામાં આવેલું છે. જે અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તથા વેચાણ વ્યવસ્થા ઉભી થાય અને ગ્રાહકોને ઝેરમુક્ત શાકભાજી, અનાજ, કઠોળ વિગેરે મળી રહે તેવા ઉમદા હેતુથી શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ–કુકમા અને સાત્વીક સંસ્થા–માધાપરના સહયોગથી પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેંદ્ર વિવેકાનંદ પાર્ક શેરી નંબર–૦૧, રિલાયન્સ મોલની બાજુવાળી શેરી, ભુજ હાટની સામે, ભાનુશાળીનગર, ભુજ ખાતે શરૂ કરવામાં આવ્યું છે. આ વેચાણ કેન્દ્ર અઠવાડીયામાં એક દિવસ એટલે દર મંગળવારે સાંજેઃ ૪:૦૦ કલાકથી સાંજેઃ– ૭:૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે.

આ પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેંદ્ર કચ્છ જિલ્લાના દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો કે જેઓ કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓના વપરાશ વગર =ગાડેલા શાકભાજી, મસાલા, ફળપાકો, કઠોળ પાકો વિગેરે પેદાશોનું સીધુ વેચાણ કરશે. તો સ્વાસ્થ્યપ્રિય અને સ્વાદપ્રિય જનતાને આ મહોત્સવનો લાભ લેવા અનુરોધ છે.

આત્મા કચેરી દ્વારા આગામી સમયમાં કચ્છ જિલ્લાના દરેક તાલુકામાં આત્મા યોજના સાથે સંકળાયેલ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્ર શરૂ કરવા માટેનું આયોજન હોય જે ખેડૂતો આત્મા યોજના સાથે સંકળાયેલ છે અને પ્રાકૃતિક કૃષિ કરતા હોય તેઓએ આત્મા કચેરી, ભુજનો સંપર્ક કરવા પ્રોજેક્ટ ડાયરેક્ટર–આત્માની અખબારી યાદીમાં જણાવાયું છે

# લેવા પટેલના મેડિકલ કેમ્પમાં દર્દીઓએ સંખ્યાનો ઈતિહાસ રચ્યો ટીમ સમાજે આયોજનની શક્તિ દેખાડી, ૧૦,૨૦૯ દર્દી તપાસ્યા

ગત એપ્રિલમાં માદરે વતન કેમ્પના ગરીબ જરૂરતમંદ દર્દીઓની સેવા કરવા પાંચ મેડિકલ કેમ્પનો હસમુખભાઈ ભૂડિયા પરિવારનો અધૂરો રહેલ નિર્ધાર રવિવારે ૧૦ હજારથી વધુ દર્દીઓની સેવા કરી પરિપૂર્ણ થયો હતો. કચ્છી લેવા પટેલ સમાજ આ આરોગ્ય ગંગાનો ભગીરથ બની મેદાને ઉતરતા કચ્છ જિલ્લાની કેમ્પ સંસ્કૃતિના ઈતિહાસમાં એક દિવસીય કેમ્પની સૌથી વધુ સંખ્યા ઉમટી પડી હતી. ટીમ સમાજની આયોજન શક્નિા પરચાએ સેવા કેમ્પ કરાય તે શીખવાડી દીધું હતું.

વહેલી સવારથી જ સરદાર પટેલ વિદ્યા સંકૂલ દર્દીઓથી ઉભરાયું હતું. ત્રણે માર્ગો કેમ્પ તરફ વહેતા થતાં જ લેવા પટેલ સમાજ ઉપર કચ્છની જનતાને આરોગ્ય સેવાનો કેટલો ભરોસો છે તેના દર્શન થયા. આ છેક ધોળાવીરા થી લખપતના અંતરિયાળ ગામો કંઠીપર થી લઈ કુરન સુધીની પટ્ટી, આહિરત થી માકપટ દરેક વિસ્તારના દર્દીઓ ઉમટી પડતાં લેવા પટેલ સમાજનું ૧૬ એકરનું સંકૂલ સાંકડું થયું હતું. દર્દી સાથે સગા સંબંધી આવતા ૨૦ હજાર જેટલા લોકોએ ભોજન પ્રસાદ લીધો હતો. એક પ્રોફેસનલ અદા થી ગોઠવાયેલ વ્યવસાયકમાં સમિયાણામાં રજીસ્ટ્રેશન વિભાગ, ટેબલ, તાલીમ સ્ટાફ અને એક પાનાંમાં લખવા સાથે ત્રણ નકલ સાથે થઈ જાય તેવી કાર્બન કોપીની નવતર સિસ્ટમે કમાલ કરી હતી. બીજી બાજુ ૧૨૫ જેટલા તબીબો, આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલયની બિલ્ડીંગમાં ૩૦ જેટલા વિભાગોમાં દર્દીઓની તપસ કરી હતી. વહેલી સવારે ૭.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી તબીબીઓએ કામ કર્યું હતું. કેમ્પમાં ૧૪૫ જેટલા સ્વયંસેવકોએ, લેવા પટેલ, કે. કે. પટેલ હોસ્પિટલના સ્ટાફે, સંકૂલ છાત્ર–છાત્રાઓ અને ખાસ નર્સિંગ કોલેજની તાલીમાર્થીઓએ મોરચો સાંભળ્યો હતો. કેમ્પમાં બ્રેસ્ટ કેન્સરના નિદાન માટે મેમોગ્રાફી સ્ક્રિનિગ કરાઇ જેમાં પ૨૧ મહિલાઓને વધુ તપસ માટે તારવાઈ હતી. ૧૮૫૦ જેટલા દર્દીઓને સોનોગ્રાફી માટે અલગ તારવાયા હતા. જ્યારે ૧૫૦૦ને એમ.આર.આઈ., ૧૨૦ સોનોગ્રાફી, ૩૦૦ ગુટણ બદલવા, ૫૨૧ મેમોગ્રાફી, ૧૩૦૦ સિટીસ્કેન, ૩૦૦ ડોપલર, બાયપાસ માટે ૩૦ દર્દી નક્કી કરાયા હતા.

**સંખ્યા કેમ નોંધાઈ?**

સરકારી આયુષ્માન યોજના, વારંવાર થઈ રહેલ કેમ્પ છતા ૧૦૨૦૯ જેટલી સંખ્યામાં દર્દી કેમ આવ્યા તે સવાલનો જવાબ દર્દીઓ એજ આપ્યો હતો અનેક દર્દીઓ સાથે વાત કરી તો એક જવાબ મળ્યો (વિશ્વાસ)લેવા પટેલ સમાજ પાસે હાલ જિલ્લાની સૌથી મોટી બે હોસ્પિટલ છે અને વર્તમાન ટીમ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાના નેતૃત્વમાં દાતાઓના ઉદાર હદય સેવા મધ્યમ બની રહી છે દાતા કેશવલાલ પ્રેમજી ભૂડિયા, કાનજીભાઈ ભૂડિયા પરિવારની લાગણી સમાજે ફળીભૂત કરી હતી દર્દીઓનો સમાજ પ્રત્યેનો વિશ્વાસ પ્રત્યેક્ષ દેખાયો હતો. ઉપાધ્યક્ષ કેશરાભાઈએ કહ્યું સમાજની તાકાત દર્દીઓનો વિશ્વાસ છે.

**પ્રચારમાં તંત્ર સહયોગી**

ગામ ગામ પ્રાથમિક શાળા, મોટા ગામોમાં પી.એચ.સી. સેન્ટરનું મજબૂત માળખું ધરાવતા તંત્રે જિલ્લા વિકાસ અધિકારીના સહયોગે સૂચનાઓ પ્રસારિત કરી હતી. જ્યારે બંને હોસ્પિટલના સ્ટાફે કચ્છના ૨૦૦૦ ગામોમાં એક લાખ પેંપ્લેટ વિતરિત કર્યા હતા. તેમાં નિશાળોના શિક્ષકોએ પણ સહયોગ આપ્યો હતો. સેવાની વાત ઘર ઘર પહોંચી હતી અને નવો ઈતિહાસ રચાઈ ગયો હતો. તો જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ફૂલમાલીનું વહીવટી સહયોગ માટે સન્માન કરાયું હતું.

**દર્દીનો સાગર ઉમટ્યો દાતા સરિતા બન્યા**

હસમુખભાઈનું સેવા સ્વપ્ન સાકાર કરતાં હજાર દર્દીઓને સંબોધન કરતાં તેણે કહ્યું; એક પણ દર્દી સેવા લીધા વગર પરત ન જાય તેનું કાર્યકરો ખ્યાલ રાખજો, સમય ઘટે તો ટોકન આપજો પણ દુઃખીયો દ્વારેથી પાછો ન જવો જોઈએ તેણે ઉદાર હ્રદય મોટા ખર્ચ વાળી સર્જરીઓ પણ કરાવી દેવાની લાગણી વ્યક્ત કરતાં સેવાનો જયઘોસ ગુંજ્યો હતો. તેમણે ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાના નેતૃત્વને બિરદાવયુ હતું. પ્રારંભે વેલજીભાઈ પિંડોરીયા (વી.આર.પી.)એ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું.

પ્રારંભે નાના ઉદઘાટન કાર્યક્રમનો દીપ દાતા પરિવાર સાથે સમાજના મોભી આર.આર. પટેલ, કે.કે. પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના નામકરણ દાતા કાનજીભાઈ કુંવરજી વરસાણી પરિવાર, ધનબાઈ બહેન, હસુભાઈના ધર્મપત્ની પુષ્પાબહેન હાજર રહ્યા હતા. આ પ્રસંગે બોલતા ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ સમાજ વિકાસનો શ્રેય હસુભાઈને આપ્યો હતો. તેમણે ઉમેર્યું કે ભુજ સ્વામિનારાયણ મંદિરે ૨૦૧૦માં જે રીતે સમાજ સાથે રહી મેડિકલ કેમ્પ કર્યો ત્યારે જે સંખ્યામાં દર્દીઓ ઉમટ્યા તેથી પણ વિશેષ સંખ્યા સેવાનો લાભ લેશે તે તમામ યશ હસુભાઈ પરિવારને છે. અમે તો નાના કાર્યકરો તરીકે ફરજ નિભાવી છે.

**ઉપસ્થિત આગેવાનો**

દાતા હસમુખભાઈ ભૂડિયા, સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, શશિકાંતભાઈ વેકરીયા (લંડન), કે.કે. જેસાણી(બળ દીયા), પરબત ભીમજી સિયાણી(કંપાલા), કલ્યાણભાઈ રવજી વેકરીયા, લક્ષ્મણભાઈ બર્નટોક, આર.એસ. હીરાણી, પ્રીતિબેન રમેશ, નારણભાઈ મેપાણી, ઈશ્વર પુંજાણી, ગિલેશ ભૂડિયા, હિતેશ જેસાણી, દેવશીભાઈ હાલાઈ, ધનજીભાઈ ભંડેરી, અરજણભાઈ પિંડોરીયા, નાનજીભાઈ કાનજી પિંડોરીયા, રવજીભાઇ ગોરસિયા, કાનજીભાઈ રાબડીયા, પૂર્વ પ્રમુખ વેલજીભાઈ રામજી પિંડોરીયા, લાલજીભાઈ મેઘજી હીરાણી(વાટકો), રમેશ ભૂડિયા, કિશોર હાલાઈ, ગોંવિદભાઈ, પ્રેમજીભાઈ જેસાણી, મનીષ વરસાણી, મનજીભાઈ (મામાકાંતા) મેડિકલ ટીમના ડૉ. તૃપ્તિ સોંથાલિયા, ડૉ. સચિન મહેતા, અંકિત ટાંક, ડૉ. અર્પિતા માણેક, ઉર્મિ પટેલ, શૈલેસ પટેલીયા, અલ્પેશ ચૌહાણ, સાવન વાઘજીયાણી, અવનિશ હિરાણી, લેવા પટેલ ટીમના ડૉ. પ્રભવ અંતાણી સહિતના ટ્રસ્ટીઓ સાથે રહી વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. તો ચોવીસીના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ઓર્ગેનિક એસિડનું ખેતીમાં મહત્વ

**સોશિયલ મિડિયાના ઝરૂખેથી...**

**દેવેન્દ્ર પટેલ વડોદરા**

આપણા આયુર્વેદમાં કહ્યું છે ખાતા હોય ત્યારે મધ્યમાં થોડું પાણી પીવું એ અમૃત સમાન છે અને ખાધા પછી પાણી પીવું એ ઝેર સમાન છે. કોઈ દિવસ આ બાબતમાં વિચાર્યુ છે ? બીજું, આ વાતને ખેતી સાથે શું લેવા દેવા? ચાલો થોડી માહિતી મેળવીએ.

જ્યારે આપણે ખાઈએ છે અને ખોરાક આપણી હોજરીમાં જાય છે ત્યારે તેમાં હાઇડ્રોકલોરિક એસિડ (HCl) ભળે છે. જે પાચનમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તે ખોરાકને નાના કણોમાં તોડે છે જે શરીર શોષી શકે છે.

HCl ખોરાકમાં રહેલા પ્રોટીન અને ચરબી જેવા જટીલ અણૂઓને નાના અણૂઓમાં તોડે છે, જેથી તે આંતરડાં દ્વારા શોષી શકાય. પોષક તત્વો, કેટલાક ખનિજો જેવા કે આયરન અને કેલ્શિયમને વધુ સરળતાથી શોષી શકાય તેવી સ્થિતિમાં લાવે છે. આ પ્રક્રિયામાં પાણી એક મહત્વનો ભાગ ભજવે છે. ઓછા પ્રમાણમાં પાણી આપણે ખાધેલ ખોરાકમાં એસિડ અને બીજાં એન્ઝાઇમ સારી રીતે ભેળવી દે છે. જેથી ખોરાક બરાબર પચી જાય અને આંતરડા તેનાથી જોઈતો કસ લઈ શકે. પણ ખાધા પછી વધું પાણી પીવાથી આ એસીડ અને એન્ઝાઈમની તીવ્રતા સાંદ્રતા ઘટાડે છે. જેને કારણે ખોરાક પાચન સારી રીતે થયું નથી. આ વાત આપણાં આયુર્વેદને ખબર હતી તેથી ખાધા પછી પાણી પીવાની નાં પાડવામાં આવી છે...

ઉપરની એસિડની વાતને હવે ખેતીના સંદર્ભ માં સમજવાનો પ્રયત્ન કરીએ. સુપર ફોસ્ફેટ અને DAP બનાવવામાં એસિડ વપરાય છે, જેથી ફોસ્ફરસ અને નાઇટ્રોજન દ્રાવ્ય બને અને વનસ્પતિ તેને ગ્રહણ કરે. કુદરતની એક અજબની કારીગરી છે. કુદરતે વનસ્પતિને જોઈતા બધા મિનરલ્સને જમીનમાં કરોડો વર્ષથી એવી રીતે સાચવ્યાં છે જે પાણીમાં દ્રાવ્ય નથી, તેથી આપણા પાણી, હવા, જમીનો, સમુદ્રો એટલે કે પર્યાવરણ સચવાયેલા હતા. કુદરતની વ્યવસ્થામાં વિવિધ બેકટેરિયા અને ફંગસ (ફૂગ) તેમની ચયાપચયની ક્રિયા દરમ્યાન ઓર્ગેનિક એસિડ બનાવે અને તે એસિડ મિનરલ્સને વનસ્પતી ભોગ્ય બનાવી પુરા પર્યાવરણને સાચવવાનું કામ થતું. આ કામ એટલી સટિક રીતે થતું હતું જેથી વનસ્પતિને જોઈતા પ્રમાણમાં બધાં જરૂરી તત્વો મળી રહેતા. એ પૂરી જીવ સૃષ્ટિ ને યોગ્ય પ્રમાણમાં મળ તા અને બધાની તંદુરસ્તી જળવાઈ રહેતી. જ્યારથી આપણે દ્રાવ્ય NPK વાપરવાના ચાલું કર્યા. ત્યારથી આપણી જમીનો, પાણી, હવા, સમુદ્રો અને પર્યાવરણ બગડવાનું ચાલુ થયું. આજે આપણી મોટાભાગની જમીનો અને પાણી ક્ષારીય થયા એટલે કે ૮ થી ૮.૫ (pH) પી–એચ વાળા. જે ઘણી બધી સમસ્યાઓની જડ છે. આવા ક્ષારીય વાતાવરણમાં વનસ્પતિને જોઈતા બધા તત્વો યોગ્ય પ્રમાણમાં મળતા નથી. જ્યારેથી હરીત ક્રાન્તિ શરૂ થઇ ત્યારે જમીનોમાં યોગ્ય પ્રમાણમાં કાર્બન, વિવિધ પ્રકારના બેકટેરિયા, ફંગાઈ વગેરે હતાં એટલે શરૂઆતના તબક્કામાં ઉત્પાદન સારૂ મળ્યું પણ જેમ જેમ જમીનમાં કાર્બનનું પ્રમાણ ઓછું થયું ગયું, જીવાણૂઓની જગ્યાએ વિષણૂઓની સંખ્યા વધતી ગઈ તેમ તેમ આપણી ખેતી મુશ્કેલ અને નુકશાનવાળી થતી ગઈ...

આટલાં વર્ષો થી આપણે DAP વાપરીએ છે તેનો એટલો મોટી જથ્થો અલભ્ય સ્વરૂપમાં આપણી જમીનોમાં છે. ઘણાં ખેતરોમાં તે ૮૦ થી ૯૦ વર્ષ ચાલે એટલો જથ્થો અલભ્ય સ્વરૂપમાં છે. તેને લભ્ય કરવાં જમીનમાં એવા જીવાણૂઓની જરૂર છે જે આવા અલભ્ય તત્વોને લભ્ય સ્વરૂપમાં લાવવામાં મદદ કરે...

આજે આપણી ખેતી બાંધણી થય ગઈ છે. કેફી પદાર્થો, દારૂ કે સામાન્ય ચા ના બાંધણીની હાલત જોજો. તેને એ ના મળે તો રઘવાયા બની જાય. એમને એ લત છોડાવવા તેને તબક્કા વાર ઓછા કરતા જઈએ તો કંઈ ફેર પડે. તેવું કંઈ ખેતી માટે છે. જમીનો, બિયારણો વાસ્તવમાં બંધાણી બની ગયા છે. તો તેમને લાઈન પર લાવવાનું કામ ધારીએ એટલુ સરળ નથી. તેથી ઘણા ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે છે અને નુકશાન કરી પાછા કેમિકલ ખેતી તરફ વળી જાય છે. જે ભાગે ખેતી કરાવે છે તેમના ભાગિયા કુદરતી ખેતી માટે તૈયાર નથી થતા. એટલે પરીસ્થિતિ જે રીતે બદલાવી જોએ એ રીતે બદલાતી નથી. જ્યારે આપણે રાસાયણીક ખેતીમાંથી કુદરતી ખેતી તરફ વળીએ છે ત્યારે સમજો કે ખેતીનો પુનર્જન્મ થઈ રહ્યો છે. તો આ પરિસ્થિતીને જુદી રીતે સાંભળવી પડે. પહેલાં જમીન અને પાણીના (pH) પી–એચ સુધારવાનું કામ કરવું પડે. જમીનમા રહેલાં વિષાૂઓનો સફાયો અને સાથે સાથે સારા જીવાૂઓ અને ફંગાઈનું સૌવર્ધન કરવું જરૂરી છે. જમીનમાં જીવો, 'જીવસ્ય ભોજનમ્' વાળું જંગલ રાજ લાવવું જરૂરી છે. કુદરતે જમીનની અંદર અને બહાર જે જીવો જીવસ્ય ભોજનમ્ વાળું જંગલ રાજ બનાવ્યું છે સાચા અર્થમાં તો પોષક તત્વોની વ્યવસ્થા માટે છે. જ્યારે આ કુદરતી વ્યવસ્થા આપણા ખેતરમાં સ્થાપિત થશે ત્યારે જમીનો બદલાવાનું ચાલું થશે ખેતી નફાકારક બનશે... પાણી ના (pH) પી–એચ બદલવા પણ એટલા જરૂરી છે. એ જેમ જેમ જમીનનું કોમ્પેક્સન ઓછું થયું જશે, જમીનમા કાર્બન અને હયુમસ વધતું જશે તેમ તેમ બદલાવ આવતો જશે. કુદરત જેવો કોઈ કેમિસ્ટ નથી એ ભૂલવું ના જોઇએ...

કુદરતી ખેતી તરફ વળવું હોય તો મિલેટના પાકો લેવા જોઈએ. ઓછા પાણી અને ઓછી ગુણવત્તાવાળી જમીનો આવક અને ખર્ચને બેલેન્સ કરવામાં મદદ કરશે. જે ભાઈઓ મિલેટ ઉગાડતા હોય તે બધાનું માર્ગદર્શન કરી શકે છે... કુદરતને પ્રેમપૂર્વક વ્યવહારમાં લાવવી જરૂરી છે. કુદરતમાં એ શક્તિ છે જે આપણાને તંદુરસ્તી સાથે સમૃધ્ધિ આપી શકે. બીજા કોઈનામાં નથી. આજની કૃષિ વ્યવસ્થા એક હાથે પૈસા આપશે તો બીજા હાથે તંદુરસ્તી અને પૈસા બન્ને લઈ લેશે. રસ્તો બદલવામાં ડાપણ છે...

ઝીરો કેન્સર અભિયાન એ દરેક કુટુંબને ઝેર મુકત ખેતી દ્વારા આર્થિક રીતે સબળ અને તંદુરસ્ત બનાવવાનું અભિયાન છે. સાહેબ, આજે જ તમારા દિકરા – દિકરી સામે સંકલ્પ કરો કે હું તમને ઝેર મુક્ત પર્યાવરણ આપવા માટે મારા તન, મન અને ધનથી નાની શરૂઆતથી પુર્ણતા તરફ જઈશ.

## અમે જાણવા માગીએ છીએ

**o અમારૂં સામયિક આપને નિયમિત રીતે મળે છે ? હા/ના**

**o સામયિક અન્ય લોકોને વાંચન માટે આપો છો ? હા/ના**

**o શું આપ તમામ લેખો/વિગતો ઉંડાણપૂર્વક વાંચો છો ? હા/ના આપને પસંદ છે ? હા/ના**

**o લેખ કે અન્ય માહિતી વિશે કોઈ સુચન કરવા માગો છો ? હા/ના**
**(અલગ કાગળમાં પણ લખી શકો છો)**

____________________________________________

____________________________________________

**o પત્રમાં શું ફેરફાર કરવા જોઈએ એ વિશે શું કહેશો ? (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

____________________________________________

____________________________________________

**o તમારા પાસે ખેતી, ગૌપાલન, પર્યાવરણ, ગ્રામોત્થાન ના વિષયોમાં વિશિષ્ટ અનુભવ કે પ્રયોગની માહિતી છે ? હા/ના (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

____________________________________________

____________________________________________

**o (કોઈપણ સામયિકનો ઉપયોગ કેટલો થાય છે તેનો આધાર વાચકોના પ્રતિભાવ પર છે. ત્યારે આપ આપનું મંતવ્ય જરૂર આપશો તેવી વિનંતી)**

**o (જો આપ કોઈ કારણોસર અમારા સામયિકનું વાંચન કરી શકતા ન હો તો તે બંધ કરવાની જાણ અમને કરશો તેવી વિનંતી છે.) કાગળની બનાવટમાં વૃક્ષોનો ઉપયોગ થાય છે ત્યારે પ્રકૃતિની આ મહામુલી સંપતિનો દુર્વ્યય અટકે તે માટે એક એક પ્રતનું મહત્વ છે જેથી સહકાર આપવા વિનંતી** (જો આપને પીડીએફ પ્રત જોઈતી હોય તો અમોને વ્હોટસએપ કરજો)

**પ્રતિભાવ ઈ–મેઈલ, વ્હોટસએપ અથવા ટપાલ મારફતે મુકી શકો છો.....**

**સરનામું : જયકચ્છ કાર્યાલય, ૯, હાટકેશ ચેમ્બર્સ, બીજા માળે, છઠીબારી, ભુજ.**

**ઈ–મેઈલ : jaykutch1@gmail.com**

**વ્હોટસએપ નંબર : ૯૯૨૫૧ ૭૪૬૯૯**

**"જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત**

**ખાતાનું નામ : જયકચ્છ**
**JAYKUTCH**
**બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા**
**શાખા : ભુજ(કચ્છ)**
**ખાતા નંબર :**
**3183285279**
**આઈએફએસસી :**
**CBIN0280589**
**રકમ જમા કરાવ્યા બાદ**
**મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯**
**પર જાણ કરવી**
**(વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/–)**
**(એક વર્ષથી વધુ સમય માટે પણ લવાજમ ભરી શકો છો)**

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.